**<u>ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, ભુજ–કચ્છ.</u>**

**ફોજદારી કેસ નં.૩૦૭૨/૨૦૨૫**

શ્રી સરકાર .. ફરીયાદી

વિરૂધ્ધ

જયકીશન વિનોદભાઈ જેઠી ..આરોપી

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આ કામના આરોપી આજરોજ **<u>રાષ્ટ્રીય લોક અદાલત</u>** ના ઉપક્રમે રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે, જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકાર ની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપી એ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે. આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે, કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા ન હોઈ, પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પેજ.૭૦૯ સ્ટે ટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે, તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

આરોપીને એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **<u>રૂા.૧૨૦૦/– (અંકે રૂપિયા એક હજાર બસ્સો પુરા)</u>** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે વચગાળાના તબકકે હુકમ થયેલ હોય તો તે કાયમ કરવો, અન્યથા આધાર પુરાવાની ચકાસણી કરી માંગણી કરનાર અરજદારને પરત સોંપવો.

હુકમ આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ભુજ – કચ્છ.
તા.૧૧/૭/૨૦૨૬.

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ. GJ01472